**સ્પે. સમરી સ્યુટ નં. ૮૭/૨૦૧૮.**

**આંક-૧૦ તથા આંક-૧૪ તળેનો હુકમ**

---

**૧.** હાલના સમરી સ્યુટના કામે વાદી તરફે આંક-૧૦ થી સમન્સ ફોર જજમેન્ટ રજૂ કરવામાં આવતાં પ્રતિવાદીપક્ષે આંક-૧૪ થી લીવ ટુ ડીફેન્સની અરજી/એફિડેવીટ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી તરફે આંક-૧૭ થી લેખીત દલીલ રજૂ કરવામાં આવેલ છે.

**૨.** વાદી તરફે એ.જી.બારોટ રજૂ કરવામાં આવેલ આંક–૧૦ ના સમન્સ ફોર જજમેન્ટ તથા પ્રતિવાદીપક્ષની આંક–૧૪ ની લીવ ટુ ડીફેન્સની અરજી અંગે વાદી પક્ષે તેઓની અરજી મુજબ ની રજુઆત કરવામાં આવેલ છે.

**૩.** આ કામે પ્રતિવાદીપક્ષે તરફે વિ.સિ.વ.શ્રી. કે.આર.સકસેન દ્રારા તેઓની બચાવ અરજી મુજબ રજુઆત કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, પ્રતિવાદી પક્ષે બચાવ અરજીમાં ઉઠાવવામાં આવેલ તકરારો જોતાં પુરાવો નોંધ્યા વગર નિર્ણય થઇ શકે તેમ ન હોય, બિનશરતી પરવાનગી આપવા વિનંતી છે.

**૪.** આ કામે વાદીની સમન્સ ફોર જજમેન્ટ તથા પ્રતિવાદીની લીવ ટુ ડીફેન્સની હાલની અરજીઓના કથનો, દાવાનું રેકર્ડ તથા વાદીપક્ષની રજુઆતો ધ્યાને લીધી.

**૫.** આ કામે દાવાનું રેકર્ડ ધ્યાને લેતાં, તેમજ દાવા અરજી વંચાણે લેતાં, વાદી તેમજ પ્રતિવાદી કંપનીઓ છે. વાદી કંપની ગંદા પાણીના ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ઉપયોગ્યમાં આવતા કેમીકલના ઉત્પાદનો તથા વેચાણ કરવાનો ધંધો કરે છે. પ્રતિવાદી ની માંગણી અને ઇચ્છા મુંજબ વાદી કંપની દ્રારા ક્રેડીટ બેઇઝ ઉપર સર્વિસ તથા જોબવર્ક પુરુ પાડવામાં આવેલ હતુ અને તે સદર્ભે વાદી દ્રારા ઇન્વોઇઝ જરુ કરવામાં આવેલ છે. વધુમાં વાદી જણાવે છે કે, પ્રતિવાદી પાસેથી કાયદેસરની બાકી નીકળતી લેણી રકમ રૂપિયા પંદર લાખ ત્રેતીસ હજાર સાતસો પાત્રીસ ૧૮ ટકાના વ્યાજ સાથે લેવાના નીકળે છે. બીજીબાજુ પ્રતિવાદી તરફે આંક–૧૪ થી લીવ ટુ ડીફેન્સ રજુ કરી જુદી જુદી તકરારો ઉઠાવી બીનશરતે હાલની અરજી મંજુર કરવા વિનંતી કરવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત સંજોગોમાં, હાલની

અરજીઓનો નિર્ણય કરતી વખતે સૌપ્રથમ આ કોર્ટને સી.પી.સી. **ઓર્ડર–૩૭, રૂલ–૩ (૫)** ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી જણાઇ છે. સદર જોગવાઇ ધ્યાને લેતા, કાયદાની એ હકીકત સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદી, ચુકાદા માટેના સમન્સની બજવણીની તારીખથી ૧૦ દિવસની અંદર કોઇપણ સમયે, સોગંદનામાંથી અથવા બીજી રીતે બચાવ કરવા પોતાને હકકદાર બનાવવા પુરતી ગણાય, તેવી હકીકતો જાહેર કરી શકશે અને દાવામાં બચાવ કરવા અરજી કરી શકશે અને તેને બચાવ કરવાની પરવાનગી કોર્ટ બિન શરતે અથવા ન્યાયી લાગે તેવી શરતોને આધિન આપી શકશે. વધુમાં, **સદર જોગવાઇ પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદીને કોર્ટ બચાવની પરવાની આપવાની ના પાડી શકશે નહિ સિવાય કે કોર્ટને એવી ખાત્રી થાય કે, પ્રતિવાદીએ જાહેર કરેલ હકીકતો, તે સધ્ધર બચાવ ઉભો કરી શકે તેવી નિર્દેશ કરતી નથી અથવા પ્રતિવાદીએ કરવા ધારેલ બચાવ શુલ્લક અથવા ત્રાસદાયક છે.** વધુમાં, તે જોગવાઇ પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, વાદીએ દાવામાં માંગણી કરેલ રકમનો ભાગ પોતાની પાસે લેણી નીકળે છે, તેવું પ્રતિવાદી સ્વીકારે ત્યારે પ્રતિવાદી, એવી રીતે લેણી થતી રકમ ન્યાયાલયમાં અનામત મુકે નહિ તો દાવાની બચાવ કરવાની પરવાનગી પ્રતિવાદીને આપી શકાશે નહી. આમ, સી.પી.સી. ઓર્ડર–૩૭, રૂલ–૩(૫) ની ઉપરોકત જોગવાઇના અનુસંધાને રેકર્ડનું મુલ્યાકન કરવામાં આવે તો,આ કામે વાદીના દાવાની તથા સમન્સ ફોર જજમેન્ટની તથા પ્રતિવાદીપક્ષે રજૂ કરવામાં આવેલ લીવ ટુ ડીફેન્સની અરજીની હકીકતો ધ્યાને લેતા રેકર્ડ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે વાદી દ્બારા હાલનો દાવો ૧૫,૩૩,૭૩૫ દાવા તારીખે **૧૮%** વ્યાજ સાથે વસુલ લેવા માટે દાવો કરેલ છે. પરંતુ, બંન્ને પક્ષકારો વચ્ચે " **વ્યાજ"** અંગે કોઇ કરાર કરવામાં આવેલ હોય કે પ્રતિવાદીએ સંમતી આપેલ હોય તેવુ પણ રેકર્ડ પર આવેલ નથી. તેમજ વાદી દ્બારા તેઓની દાવા અરજી સાથે રજુ કરવામા આવેલ નિશાની–૩/૧, સાથે રજુ કરવામાં આવેલ ઇન્વોઇઝ વંચાણે લેતાં પણ વ્યાજ અંગેનો કોઇ ઉલ્લેખ નથી. તે સંજોગોમાં, રકમ તથા તે રકમ પરના વ્યાજ અનુસંધાને આ તબક્કે , **2001(0) GLHEL - HC 214015** તથા **2014 (0) AIJEL 231567** ના ચુકાદાઓ ધ્યાને લેતા, તે ચુકાદાઓમાં, નામદાર ઉચ્ચ અદાલતો ધ્વારા સી.પી.સી. ઓર્ડર–૩૭ ના વ્યાપની ચર્ચા કરતાં ઠરાવેલ છે કે, જયારે સમરી દાવામાં, વાદી ધ્વારા મુદલ રકમ ઉપર વ્યાજ માંગવામાં આવેલ હોય અને તે વ્યાજ અંગે જયારે બંને પક્ષો વચ્ચે સમજુતી હોવા અંગેનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર ન હોય ત્યારે, વાદી ધ્વારા માંગણી કરવામાં આવેલ વ્યાજની રકમ, નિર્ધારીત રકમની માંગણી (liquidated demand) ગણાય નહિ અને તે સંજોગોમાં, તે પ્રકારની દાદ માંગતો દાવો

સી.પી.સી. ઓર્ડર–૩૭ ના વ્યાપમાં આવતો હોવાનું ગણી શકાય નહિ અને તેવા સંજોગોમાં, તે માત્ર હકીકત જ તકરારી બાબત ગણાય અને તે બાબત અંગે બિન શરતી બચાવની તક આપી શકાય. આમ, આ દાવાની ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર–૩૭ ની જોગવાઇ મુજબ ચાલવા પાત્ર ન હોય તથા પ્રતિવાદીપક્ષે વાદીના દાવા અંગે લેવામાં આવેલ ઉપરોકત તકરારો ટ્રાયેબલ ઈસ્યુ હોવાનું રેકર્ડ ઉપરથી પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ થાય છે. આમ, આ કામે પ્રતિવાદીપક્ષે દાવાના ન્યાય નિર્ણય માટે મહત્વના મુદા રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ છે અને પ્રતિવાદીપક્ષે વાદીએ માંગણી કરેલ રકમનો કોઇ ભાગ પોતાની પાસે લેણી નિકળે છે, તેવી હકીકતનો સ્વીકાર કરેલ નથી. તે તમામ સંજોગોમાં, આ દાવાના કામે પ્રતિવાદીપક્ષને બિન શરતી બચાવ કરવાની તક આપવાનું આ કોર્ટને ઉચિત જણાય છે. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં, હાલની અરજી તળે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

**૧.** પ્રતિવાદીપક્ષની આ લિવ ટુ ડિફેન્સની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** પ્રતિવાદીપક્ષને આ દાવામાં બિનશરતી બચાવ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

**3.** ઉપરોકત સંજોગોમાં હાલનો દાવો હવે સમરી દાવા તરીકે ચલાવવાનો રહેતો ન હોય અને હાલનો દાવો રેગ્યુલર દિવાની મુકદમા તરીકે ચલાવવાનો થતો હોય, હાલના દાવાને તે રીતે નવેસરથી નંબર આપવા માટે તથા તે અંગેની નિયમ મુજબની યોગ્ય કાર્યવાહી માટે, રજિસ્ટ્રાર, પ્રિન્સીપલ સિનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય) તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>ચુકાદોઃ</u>–** આજરોજ તારીખ ૦૨ મી, માહે– ડીસેમ્બર , સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કર્યો.

અમદાવાદ(ગ્રામ્ય)
તા. ૦૨/૧૨/૨૦૨૪

( **જે.એ.બક્ષી** )
જીજે ૦૦૯૦૩
બીજા એડી.ચીફ જયુડી.મેજી.,
અમદાવાદ(ગ્રામ્ય) અમદાવાદ.